## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



જુઓ ડેડી.. એકસો ચાલીસ ફ્રેન્ડ ઓનલાઈન છે... હું એકલો આળસુ, કામધંધા વગરનો નથી... શું સમજ્યા...!!

# ...માતા મોટા દિકરાને ત્યાં રોકાવા ગયાને નિશાચરો કળા કરી ગયા..!

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ પીળાપટ્ટાના બંધ મકાનને તસ્કરો નિશાન બનાવ્યું છે. ઘરનું તાળુ તોળી અંદર પ્રવેશીને ચોર ઈસમોએ રોકડ, કિસાન પત્ર, અને મહત્વના દસ્તાવેજ સહિત કુલ રૂ. ૨.૪૯ લાખની ચોરી કરી અજાણ્યા શખ્સો પલાયન થઈ ગયા છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ચંદ્રકાંત રામઅઢાર યાદવ રહે. જીઈબી કોલોની અને જીઈબી ખાતે ટેકનીશીયનની નોકરી કરે છે. ચંદ્રકાંતના માતા વિમળાબેન સેકટર-૨૪ ખાતે પીળાપટ્ટામાં પ્લોટ નં-૮૮૨ ખાતે વસવાટ કરે છે.રાયસણ ખાતે રહેતા પોતાના મોટા દિકરાના ત્યાં રહેવા માટે વિમળા બહેન ગયા હતા. ત્યારે નાના દિકરા ચંદ્રકાંતને સે-૨૪ ઘર તરફ આંટો મારજે તેમ કહ્યું હતું. જેને પગલે ચંદ્રકાંતભાઈ શનિવારના રોજ જોયું તો ઘરનો દરવાજો ખુલ્લો હતો. ઘરમાં તપાસ કરતા રોકડ રૂ.૨૦ હજાર, કિસાન પત્ર, મહત્વના દસ્તાવેજ સહિત કુલ રૂ. ૨.૪૯ લાખની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનોં નોંધી ચોર ઈસમોને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ગાંધીનગર શહેરમાં ચોરીની એક પછી એક બનતી ઘટનાને પગલે નાગરીકોમાં ડર પ્રસરી જવા પામ્યો છે. નાગરીકોને રાત્રી ઉજાગરા કરવા પડે તેવી સ્થિતિ ઉદ્ભવી છે. ચોર ઈસમો માટે પાટનગર સોફ્ટ ટાર્ગેટ બની રહ્યું હોય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે.

# વાવોલ શિવેશ-૧૯૫ ફલેટના બંધ મકાનમાંથી ૪.૯૦ લાખની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલ વાવોલ ગામની સોસાયટી તેમજ ફલેટ પણ હવે સલામત રહ્યા નથી. સેકટરોમાંથી ચોર ઈસમો વાવોલ તરફ વળ્યા હોય તેવું લાગી એક પછી એક ચોરીને અંજામ આપી ચોર ઈસમો પોલીસને જાણે પડકાર ફેંકતા હોય તેવું લાગી રહ્યું છે. પોલીસના પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર ઈસમો પોતાની કળા કરીને પલાયન થઈ જાય છે. ત્યારે ગાંધીનગર



રહ્યું છે.ગાંધીનગર શહેર ચોરી કરવા ચોર શખ્સો માટે સોફટ ટાર્ગેટ બની ગયું હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે ન્યું વાવોલમાં આવેલ શિવેશ ૧૯૫ ફલેટના એચ બ્લોકના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના અનો રોકડ મળીનો કુલ રૂ. ૪,૯૦,૭૦૦ની મત્તા ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરમાં શહેરને અડીને આવેલા ન્યું વાવોલ વિસ્તારમાં આવેલ શિવેશ ૧૯૫ ફલેટના એચ બ્લોક નં-૧૦૪ માં કૈલાશભાઈ નવલરામ જોશી વસવાટ કરે છે. તેઓ કેટરીંગના વેપાર સાથે સંકળાયેલા છે.

કૈલાશભાઈ શનિવારના રોજ સાંજે ઓર્ડર ગયા હતા. જયારે પરિવારના સભ્યો પણ કામઅર્થે અમદાવાદ ગયા હતા.ત્યારે રવિવારના રોજ પાડોશીનો ફોન આવ્યો હતો કે તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે. ત્યારે અમદાવાદથી તુંરત પરિવારના સભ્યો અને કૈલાશભાઈ પરત ફર્યા હતા અને જોયું તો દરવાજાની આગળ લોખંડની ઝાળીનું લોક તોડી દરવાજાનું ઈન્ટરલોક તોડીને અંદર પ્રવેશ્યા હતા અને ઘરમાં રહેલ તિજોરી તેમજ કબાટમાં રહેલા કપડા તેમજ તમામ ચીજવસ્તુઓ વિખેરાયેલી પડી હતી. પરિવારજનોએ તપાસ કરતા ઘરમાં રહેલ રોકડ રૂ.૮૫ હજાર તેમજ હાર, ઝુમ્મર સહિત સોનાચાંદીના દાગીના મળીને કુલ રૂ.૪,૯૦,૭૦૦ના મુદામાલની ચોરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા છે. ન્યું વાવોલમાં ચોરીની ઘટના બનતા અન્ય વસાહતીઓમાં પણ ભય પ્રસરી જવા પામ્યો છે. ત્યારે રાત્રી પેટ્રોંલીગ આ વિસ્તારમાં સઘન બનાવાય તેવી લાગણી અને માંગણી સ્થાનિક રહીશોમાં ઉઠવા પામી છે.

# શહેરની મહિલા સાયક્લિસ્ટે ૬૦૦ કિમીની સાયકલયાત્રા પૂર્ણ કરી

**બે સંતાનોની માતા પિન્કી ઝાએ હિંમતનગરથી ઉદયપુર-શ્રીનાથજી-દેવગઢ થઈને પરત હિંમતનગર સુધીની દુર્ગમ સાયકલયાત્રા ખેડીને શહેરની મહિલાઓનું સન્માન વધાર્યું**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરની સાયક્લિટ પિન્કી ઝાએ તાજેતરમાં હિંમતનગરથી ઉદયપુર-શ્રીનાથજી-દેવગઢ થઈને પરત હિંમતનગર સુધીની ૬૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા પુરી કરી શહેરની મહિલાઓ માટે પ્રસંશનીય ઉદાહરણ પુરૂ પાડ્યું છે. બીઆરએમ સાયકલિંગ ઈવેન્ટસ દ્વારા આયોજિત આ સાયકલયાત્રા અરવલ્લીની ગિરી માળાઓના દુર્ગમ રસ્તાઓ પરથી પસાર થતી હતી.




બીઆરએમ સાયકિંલગ ઈવેન્ટસ દુનિયાભરમાં મશહૂર છે અને તેમાં ૨૦૦ કિમી, ૩૦૦ કિમી, ૪૦૦ કિમી, ૬૦૦ કિમી અને અંતમાં ૧૨ હજાર કિમીની સાયકલ સવારી ક્રમાનુસાર નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની હોય છે. આ વર્ષે આ સાયકલ યાત્રાના ૬૦૦ કિમીના આયોજનમાં ગાંધીનગરની મહિલા સાયક્લિસ્ટ પિન્કી ઝા પણ જોડાયા હતા. આ યાત્રાનો તા. ૩૦ ડિસેમ્બરે સાબરકાંઠાના મુખ્યમથક હિંમતનગરથી પ્રારંભ થયો હતો અને ઉદયપુર થઈ શ્રીનાથજી થઈ દેવગઢ થઈ ત્યાંથી પરત હિંમતનગર સુધીનો કુલ ૬૦૦ કિમીનો રૂટ નિર્ધારિત કરાયો હતો. આ સાયકલ યાત્રા રૂટ અરવલ્લીના દુર્ગન રસ્તાઓ પરથી પસાર થતો હતો જેમાં અનેક ચઢાણ-ઉતરાણ સહિત જંગલ અને ખડકાય રસ્તા પણ સામેલ હતા. આ યાત્રામાં કુલ ૯ સાયક્લિસ્ટ જોડાયા હતા. જેમાંથી ગાંધીનગરના પિન્કી ઝા પણ સામેલ હતા. અત્યંત કઠિન અને કપરી આ સાયકલ યાત્રા તેમણે ભારે સંઘર્ષ સાથે પૂર્ણ કરી હતી. આ યાત્રાના છેલ્લા ૧૦૦ કિમીના તબક્કાને પૂર્ણ કરવા તેમને ખૂબ જ આકરી મહેનત કરવી પડી હતી. જેમાં તેમના ચહેરા, વાળ, સહિત સમગ્ર શરીરને ભારે ખેંચાણનો સામનો કરવો પડ્યો હતો. યાત્રામાં તેમને ભારે પવનનો તથા વિષમ આબોહવા સાથે અઢળક થાક અને પરિશ્રમનો સામનો કરવો પડ્યો હતો. આમ છતાં મનથી ડગ્યા વિના બે સંતાનોની માતા એવા પિન્કી ઝાએ આ સાયકલયાત્રા પૂર્ણ કરી પોતાના સાથે શહેરની મહિલાઓનું પણ ગૌરવ વધાર્યું હતું. પિન્કી ઝા ને ચોતરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

# પુસ્તક પરબની મુલાકાતે તબીબો પણ આવી પહોંચ્યા

**શિયાળાની ઠંડીમાં પણ વાચકોનો ઉત્સાહ જોઈ આયોજકો રોમાંચિત**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરને શિયાળાની કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આવી ફુલગુલાબી ઠંડીની મોસમમાં રવિવારની ખુશનુમા સવારે યોજાયેલી વર્ષ-૨૦૧૮ની પ્રથમ સર્જાયુ હતુ.

આત્મન ફાઉન્ડેશન દ્વારા માતૃભાષા અભિયાન અંતર્ગત દર માસના પહેલા રવિવારે ઘ-૪ સર્કલે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જાન્યુઆરી માસની પુસ્તક પરબ તા. ૭મીએ રવિવારે સવારે યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વાંચકો ઉમટી પડ્યાં હતા.



પુસ્તક પરબમાં વાંચકોની સંખ્યા ઉડીને આંખે વળગે તેવી રહેતા આયોજકોમાં હર્ષની લાગણી ફેલાવા પામી હતી. આ વખતની પુસ્તક પરબમાં તબીબો-ઈજનેરોની હાજરી પણ જોવા મળતા સુખદ આશ્ચર્ય

વાચકોએ પુસ્તક પરબમાંથી ૨૧૭ પુસ્તકો અને ૪૦૦ જેટલા મેગેઝિન્સ વાંચવા માટે વિનામૂલ્યે પ્રાપ્ત કર્યા હતા. આ સાથે પુસ્તક પરવાને દાતાઓ થકી ૩૦૦ પુસ્તકો અને ૧૦૦ મેગેઝિન્સ ભેટમાં મળ્યા હતા. પુસ્તક પરબની મુલાકાતે મુખ્ય માહિતી કમિશનર વી.એસ. ગઢવી ઉપરાંત જાણીતા ઓર્થોપેડિક સર્જન ડૉ. મુકુલ પંડિત અને ડૉ. કાંતિભાઈ પટેલ, ફિઝિશિયન ડૉ. પરેશ વોરા, પેથોલોજીસ્ટ ડૉ. મયુરી વોરા તથા ઈજનેર પંકજભાઈ ગાંધી જેવા પુસ્તક ભાવકો આવી પહોંચતા આયોજકોનો હર્ષ બેવડાયો હતો.

# ‘લેખ લખવાની કળા’ વિશે વ્યાખ્યાન અને સ્પર્ધા

ગાંધીનગર, તા.૮

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશન સેકટર-૨૩ ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુકત ઉપક્રમે વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના વિષયો ઉપર લેખ લખે અને લેખનકાર્ય કરતા શીખે તે હેતુથી તા. ૮-૧-૨૦૧૮ના રોજ લેખ લખવાની કળા ઉપર વ્યાખ્યાન અને સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમના આરંભી પ્રા. નરેન્દ્રભાઈએ નાયીએ ઉપસ્થિત જાણીતા નાટયકાર અને કટારલેખક કુંતલ નિમાવતસરનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ તેમણે લેખ એટલે શું? લેખની લાક્ષણિકતાઓ, તેના પ્રકારો વગેરે વિશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી અને લેખ કઈ રીતે લખી શકાય તેના વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ત્યાર બાદ વિવિધ શાળા કોલેજમાંથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થીઓએ જુદા જુદા લેખો લખ્યા હતા. આ કાર્યક્રમમાં એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશનના એચ.ઓ.ડી. ડૉ. જિજ્ઞાસાબહેન જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

## આજે સે-૨૨ ખાતે ગુજરાતી ફિલ્મ માટે ઓડિશન્સ યોજાશે

ગાંધીનગરની ગુજરાતી ફિલ્મ બનાવતી કંપની તન્વી-ગ્રેવિશા પિકચર્સ દ્વારા આગામી ફિલ્મ ‘વાહ, શું લવ છે?’ માટે તા. ૯મી જાન્યુઆરી મંગળવારે કલાકારોના ઓડિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઓડિશન્સ સે-૨૨માં આયુર્વેદિક દવાખાનાની સામેની પ્રિતેશ સોસાયટીના પ્લોટ નં. ૩૭૪/૧ ખાતેના એરસેલ રેકોર્ડિંગ સ્ટુડિયોમાં સવારે ૧૧ થી સાંજના ૫ કલાક દરમિયાન યોજાશે. જેમાં ગાંધીનગર જિલ્લા સહિત આસપાસના વિસ્તારના યુવા કલાકારો અભિનય પ્રતિભા દર્શાવશે. તન્વી-ગ્રેવિશા પિકચર્સ થકી નિર્માતા-દિગ્દર્શક જગદીશ સોની ચાર ગુજરાતી ફિલ્મો બનાવી ચુકયા છે.

# ઝુંડાલ ગામની સીમમાંથી ૮ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લાના ઝુંડાલ ગામની સીમમાં ઓ.એન.જી.સી.ના વેલ નજીક ગૌચરની જમીનમાં કુંડાળુ કરીને પાના પત્તા પર હારજીતનો જુગાર રમતા ૮ શકુનીઓને સર્વેલન્સ સ્કોડની ટીમના સભ્યોએ રૂ. ૧૦,૯૨૦ના મુદામાલ સાથે ઝડપી પાડ્યા છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનોં નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ નાયબ પોલીસ અધિક્ષક કલોલનાઓની સુચના મજુબ અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા અંગે સુચના મુજબ અડાલજ પીઆઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડ પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ સ્ટાફના કર્મચારીઓ અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અ.પો.કો.મહેન્દ્રસિંહને બાતમી મળી હતી કે અમીયાપુર ગામ તરફ જતા કાચા નાળીયામાં ઝુંડાલ ગામની સીમમાં ઓએનજીસીના વેલ નજીક ગૌચરની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા રાયચંદજી હમીરજી ઠાકોર, રહે. ચાંદખેડા ગામની સીમ, નરેન્દ્ર નાથાભાઈ પ્રજાપતિ રહે, ચાંદખેડા દુર્ગાચોક મકાન નં- ૪૯-૧૦૪,અમદાવાદ, રાયચંદજી હાંહજીજી ઠાકોર રહે, ઝુંડાલ ગામની સીમમાં, સંગ્રામભાઈ કેશાજી ઠાકોર રહે, ખોડીયારનગર સમાજ નવરત્ન સોસાયટી મ નં-૮૨, રણછોડસિંહ અભેરાજસિંહ ચૌહાણ રહે. ગોપાલનગર, ચહેરાજી હાંહજીજી રહે. ઝુંડાલ ગામની સીમમાં, રઘુજી બબાજી ઠાકોર રહે, અમીયાપુર, શંકરભાઈ ખેમાજી ઠાકોર રહે, અમીયાપુરનો ઝડપી પાડીનો અંગજડતી તેમજ દાવના નાણા મળી કુલ રૂ. ૧૦,૯૨૦ તથા ગંજી પાના નંગ-૫૨ સહિતનો મુદામાલ ઝપ્ત કરીનો અડાલજ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ઉત્તરાયણના પર્વને દાન માટેનો શ્રેષ્ઠ સમય ગણવામાં આવે છે ત્યારે આપણી સંસ્કૃતિમાં આ સમયે શ્વાનને લાડુ બનાવી ખવડાવવાના કાર્યને પુણ્યકાર્ય ગણવામાં આવે છે ત્યારે શહેરના સે-૧૪ શિવશકિત ટેનામેન્ટના ગોપી મહિલા મંડળ દ્વારા ઉત્તરાયણના પર્વ નિમિત્તે શ્વાન માટે લાડુ બનાવવાની કામગીરી કરતી બહેનો તસવીરમાં નજરે પડી રહી છે.

# ચિલોડા સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળા ખાતે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી

દેશભરમાં ૬ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત માર્ગ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ચિલોડા સ્વામિનારાયણ ગુરૂકુળ પ્રાથમિક શાળા અને આર.ટી.ઓ. ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દ્વારા વાહનોની સંખ્યામાં તથા અકસ્માતોમાં વધારો થવાનો કારણો, માર્ગસુરક્ષા અંગે વાહન ચલાવતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો, અકસ્માતમાં જાન-માલનું નુકસાન, વાહન ચલાવતી વખતે જરરી કાયદાકીય જાણકારી, ઈજાગ્રસ્તો માટેની સારવાર, ટ્રાફિકના નિયમો, ટ્રાફિકની નિશાનીઓ, ટ્રાફિકના નિયમોનો ભંગ બદલ દંડ, ટ્રાફિકના આદેશાત્મક ચિહ્નો, માહિતી દર્શક ચિન્હો, દિશાસુચક નિશાનીઓ, જરૂરી માર્ગદર્શન વિદ્યાર્થીઓને પુરૂ પાડ્યુંહતું.

**તાલુકા પંચાયત કચેરી, તા. ભિલોડા, જી. અરવલ્લી**
**ઈ-ટેન્ડરીંગ નોટીસ નં.૧/૨૦૧૭-૧૮**

તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા. પં. કચેરી, ભિલોડા, ૩૮૩૨૪૫ (અરવલ્લી) ફોન નં. (૦૨૭૭૧) ૨૩૩૪૧૪ દ્વારા મનરેગા અને ICDS યોજના અંતર્ગત આંગણવાડીના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. આ કામના ટેન્ડર વેબસાઈટ www.nprocure.com ઉપર ૧૬/૧/૨૦૧૮ના ૧૮ કલાક સુધી જોવા મળશે અને ઓનલાઈન ભરી શકાશે. ફીઝીકલ ડૉક્યુમેન્ટ જમા કરાવવાની અંતીમ તા. ૨૩/૧/૨૦૧૮ ને ૧૮.૦૦ કલાક સુધીનો રહેશે. ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા. ૧૭/૧/૨૦૧૮ બપોરના ૧૩.૦૦ કલાકે રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમ (EMD) ફક્ત ડીમાન્ડ ડ્રાફટથી જ સ્વીકારવામાં આવશે. ટેન્ડરને લગતા દસ્તાવેજો ફરજીયાત ઓનલાઈન સ્કેન કરવાના રહેશે. ટેન્ડર કોઈપણ કારણ જણાવ્યા સિવાય સ્વીકારવે કે નહી તેનો હક્ક તા. વિ. અ.શ્રી ભિલોડાને અબાધિત રહેશે.

તાલુકા વિકાસ અધિકારી
ભિલોડા

ક્રમાંક/ના.મા.નિ./હિંમત/૫૫૨/૨૦૧૭-૧૮

# સિવિલની આયુર્વેદ ઓપીડીમાં દર માસે એક હજારથી વધુ દર્દીઓ સારવાર લે છે

ગાંધીનગર, તા. ૮

આજના આધુનિક ટેકનોલોજીના યુગમાં એલોપથીમાં રોબોટ દ્વારા વિવિધ સર્જરી કરવામાં આવે છે. ત્યારે મનુષ્યના શરીરમાં હજુ પણ જુના અને હઠીલા રોગને મટાડવા માટે આયુર્વેદ દવાઓ ઉપર વિશ્વાસ કરવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલની ધમધમતી એલોપથી ઓપીડી વચ્ચે પણ દર મહિને એક હજારથી વધુ દર્દીઓ આયુર્વેદીક દવા અને સારવાર માટે આવે છે. જેમાં ખાસ કરીને સંધીવા, ડાયાબિટીસ અને પેટના દુ:ખાવાના દર્દીઓ વધુ હોય છે. તો બીજી તરફ બ્લડ ટેસ્ટ અને સોનોગ્રાફીમાં પણ નહી પકડાતી બિમારીઓ આયુર્વેદિક દવા કે સારવારથી રાહત મળે છે.

ભારતમાં દર વર્ષે એક નવી જીવલેણ બિમારીનો પ્રવેશ થાય છે. તો તેની સામે મેડીકલ સાયન્સ પણ વધુ મજબૂત થઈ રહ્યું છે. કેન્સર જેવા રોગને મટાડી શકે તેવી ક્રાંતિ મેડીકલ સાયન્સ કરી રહ્યું છે. તો બજી ઘણી બધી બિમારી કે રોગો સામે રોબોટ દ્વારા ઓપરેશન કરવાનું આજ મેડીકલ સાયન્સ પાંગળુ સાબિત થઈ રહ્યું છે. ત્યારે ખાંસી જેવી સામાન્ય બિમારીથી લઈને ડાયાબિટીસ જેવા અસાધ્ય રોગની સારવાર માટે હવે દર્દીઓ આયુર્વેદશાસ્ત્ર તરફ વળી રહ્યા હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા ત્રણ દાયકાથી પણ વધુના સમયથી એક જ સ્થળે આયુર્વેદ ઓપીડી આવેલી છે. ત્યારે વર્ષ ૨૦૧૭ના આંકડા પર નજર કરીએ તો કુલ ૧૩,૬૯૨ દર્દીઓએ ઓપીડી સારવાર લીધી છે. જેમાં ૭૩૩ જેટલા દર્દીઓને ફક્ત જીવન જીવવાની કળામાં ફેરફારની સલાહ આપવાથી જ સુધારો થઈ ગયો હતો. તો ૨,૧૯૫ જેટલા દર્દીઓ ૬૦ વર્ષથી વધુ વયના છે. જેથી આયુર્વેદીક દવાનો ઉપયોગ કરનારા સિનિયર સિટીઝનની સંખ્યા વધુ છે.

છેલ્લા એક વર્ષમાં ૧૩ હજારથી વધુ દર્દીઓ ગાંધીનગર સિવિલની આયુર્વેદ ઓપીડીમાં નોંધાયા છે. જેમાં ડાયાબિટીસ, સંધિવા અને પેટના રોગોના દર્દીઓ સૌથી વધુ નોંધાયા છે. જ્યારે કેટલાક કિસ્સામાં દર્દીએ સામાન્ય બિમારી હોવા છતાં લાખો રૂપિયા ખર્ચી નાખ્યા હોવા છતાં રાહત મળતી નથી. ત્યારે આયુર્વેદની દવાથી દર્દીને સામાન્ય સારવારમાં કાયમી રાહત મળે છે.

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 965/2016**

**Shri Mastaq Memanji Sunsara** ...Applicant
V/s
**Shri Akbarali Saritbhai Asamadi** ...Opp. Party
And
**New India Assurance Co. Ltd.** ...Insurance

**To,**
**Shri Akbarali Saritbhai Asamadi**
At:Meeta, Tal. Vadgaon BK Meta, Gujarat-385525

Whereas as per the application annexed, the applicant have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act-1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act-1988. Your are therefore require to remain present in Court No. 04 on 22/01/2018 at 11 A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby inform that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. It you failed to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be pass accordingly. Which you please take note.

This Notice issued today on 21/11/2017 with my signature and seal of the Judiciary Court.

Court Seal

By Order
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001